ધર્મ અમારો એક માત્ર એ ‘સર્વધર્મ સેવા’ કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૨૬ |
| અમદાવાદ | ૧૭૨ |
| ગાંધીનગર | ૩૮ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૫ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૦, સોમવાર; ભાદરવા વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજથી સંસદનું ચોમાસુ સત્ર

**ચોમાસુ સત્રમાં સરકાર નવા ૨૩ ખરડાનો પ્રસ્તાવ લાવશે : લોકસભા અને રાજ્યસભા બે પાળીમાં ચાલશે, રોજ સવારે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રાજ્યસભા સત્ર ચાલશે, જ્યારે બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી લોકસભા સત્ર ચાલશે,વચ્ચેના બે કલાક દરમિયાન સંસદને સેનિટાઇઝ કરવાનું કામ કરાશે : સંસદ સત્રમાં ભાગ લેનારા સાંસદો, લોકસભા તથા રાજ્યસભાના કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરાશે : વિપક્ષ ભારત-ચીન સરહદ વિવાદ, કોરોના સ્થિતિ, અર્થતંત્રની સ્થિતિ અને લોકડાઉનમાં થયેલી સમસ્યાઓ મુદ્દે સરકારને ઘેરશે**



ન્યુ દિલ્હી,તા.૧૩

સંસદનું ચોમાસુ સત્ર ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યું છે. કોરોના વાયરસને ધ્યાનમાં રાખી આ વખતે સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક નહીં યોજાય. આ વખતે બંને ગૃહમાં ગૃહના નેતા અને વિપક્ષના નેતાને બાદ કરતાં કોઈ પણ સભ્યની બેસવાની સીટ નક્કી કરવામાં આવી નથી. આ વખતે સતત ૧૮ દિવસ સુધી સંસદ ચાલશે. કોરોના અને લોકડાઉનના કારણે આ વખતે બે સંસદ સત્ર વચ્ચે આશરે ૬ મહિનાનું અંતર રહ્યું છે.

આ વખતે લોકસભા અને રાજ્યસભા બે પાળીમાં ચાલશે. રોજ સવારે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રાજ્યસભા સત્ર ચાલશે. જ્યારે બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી લોકસભા સત્ર ચાલશે. વચ્ચેના બે કલાક દરમિયાન સંસદને સેનિટાઈઝ કરવાનું કામ કરાશે. કોવિડ-૧૯ના કારણે સંસદ સત્રમાં ભાગ લેનારા

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સફર્ડની કોરોના વેક્સિનની ટ્રાયલ ફરીથી શરૂ કરવામાં આવી

**આ રસી ૨૦૨૦ના અંત સુધીમાં આવી શકે છે : ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકાની કોરોના વેક્સીનના છેલ્લા તબક્કાની ટ્રાયલને યુકેમાં શરૂ : ઓક્સફર્ડના વૈજ્ઞાનિકોએ રસીની સફળતા અંગે ખાતરી આપી**

નવી દિલ્હી, તા.૧૩

ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકાની કોરોના વેક્સીનના છેલ્લા તબક્કાની હ્યુમન ટ્રાયલને યુકેમાં ફરીથી શરૂ કરી દેવાઈ છે. એસ્ટ્રાઝેનેકાએ જણાવ્યું હતું કે બ્રિટનની મેડિસીન્સ હેલ્થ રેગ્યુલેટરી ઓથોરિટીએ સમગ્ર મામલાની તપાસ કર્યા બાદ વેક્સીન સલામત હોવાનું સામે આવ્યું છે. જે બાદ તેના ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપવામાં આવી છે. વોલયન્ટિયર પર ગંભીર અસર દેખાતા વેક્સીનની ટ્રાયલ અટકાવી દેવામાં આવી હતી. એસ્ટ્રાઝેનેકાના સીઈઓ પાસ્કલ સૉરિયટને વેક્સીન ટૂંક સમયમાં જ ઉપલબ્ધ થશે તેવી અપેક્ષા છે. તેમનું કહેવું છે કે આ રસી આ વર્ષના અંતમાં અથવા આવતા વર્ષના પ્રારંભમાં આવી શકે છે. સૉરિયટે કહ્યું કે આ રસીના ટ્રાયલ પર આખું વિશ્વ નજર રાખી રહ્યું છે, તેથી તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. તેઓએ આશા વ્યક્ત કરી છે કે વર્ષના અંત સુધીમાં રેગ્યુલેટરી અપ્રુવલ માટે ડેટા મેળવી શકાશે.



● અનુસંધાન પાન-૭ પર

## ગૃહમંત્રી અમિત શાહ પુનઃ એઈમ્સમાં દાખલ

**શ્વાસ લેવામાં તકલીફ થતાં શાહને ફરીથી દાખલ કરાયા : વીવીઆઈપી માટે રિઝર્વ ફેસિલિટીમાં રખાયા : હોસ્પિટલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી**

નવી દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહને ફરી એકવાર શ્વાસ લેવામાં તકલીફ પડતાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસમાં દાખલ કરાયા છે. જણાવી દઈએ કે શાહને ૧૫ દિવસ પહેલા જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા હતા. જોકે, ફરીથી તબિયત લથડતાં શનિવારે મોડીરાત્રે તેમને એમ્સમાં દાખલ કરાયા છે. જોકે, હોસ્પિટલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

સૂત્રોએ જણાવ્યું છે કે શાહને શનિવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, તેમને કાર્ડિયો ન્યૂરો ટાવરમાં રાખવામાં આવ્યા છે, જે વીવીઆઈપી માટે રીઝર્વ ફેસિલિટી છે. શાહ એઈમ્સના ડિરેક્ટર ડો રણદીપ ગુલેરિયાની દેખરેખમાં સારવાર હેઠળ છે. તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

ભૂતકાળમાં કોરોના સંક્રમણથી સ્વસ્થ થવા છતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ આરોગ્યની સમસ્યાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા છે. તેમને ફરી એક વખત દિલ્હી સ્થિત AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કોરોનાથી સ્વસ્થ થયા પછી તેમને શ્વસનની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## દેશમાં રિકવરી દર એક્ટિવ કેસોની તુલનામાં ૩.૮ ગણો

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૪,૩૭૨ કેસ, હજારથી વધુના મોત : કુલ કેસનો આંકડો ૪૭,૫૪,૩૫૭ થયો, મૃત્યુઆંક ૭૮૫૮૬એ પહોંચ્યો,અત્યાર સુધીમાં ૫,૬૨,૬૦,૯૨૮ સેમ્પલ ટેસ્ટિંગ થયા**

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના વાયરસનો આંકડો ૪૭ લાખને પાર કરી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના નવા ૯૪,૩૭૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૪૭,૫૪,૩૫૭ થઈ ગયો છે. જેમાંથી હાલ ૯,૭૩,૧૭૫ દર્દીઓ સારવાર હેઠળ છે. જો કે ૩૭,૦૨,૫૯૬ લોકોએ કોરોના જેવા જીવલેણ વાયરસને માત આપવામાં સફળતા મેળવી છે. કોરોનાએ એક જ દિવસમાં ૧,૧૧૪ લોકોનો ભોગ લીધો છે. આ સાથે કોરોનાથી થયેલા કુલ મૃત્યુની સંખ્યા ૭૮,૫૮૬ થઈ ગઈ છે.



ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં ૧૨ સપ્ટેમ્બર સુધીમાં ૫,૬૨,૬૦,૯૨૮ સેમ્પલ ટેસ્ટિંગ થયા છે. ગઈ કાલે એટલે કે ૧૨મી સપ્ટેમ્બરના રોજ કુલ ૧૦,૭૧,૭૦૨ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૯૪ હજારથી વધુ લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાં છે.

સપ્ટેમ્બર મહિનાની શરુઆતથી જ ભારતમાં કોરોના વાયરસના કેસનો રાફડો ફાટ્યો છે, મહિનાના શરુઆતના ૧૨ દિવસમાં ૧૦ લાખ કેસ નોંધાયા છે. આ સાથે વધુ ૧૩,૦૮૨ દર્દીઓના મોત પણ થયા છે, બાકી દેશો કરતા ભારતમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. અમેરિકા અને બ્રાઝિલમાં જે રીતે કોરોના વાયરસના કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો હતો તે જ રીતે હવે ભારતમાં પણ સતત કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે.

ભારતમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ આ ઠીક થનારા દર્દીઓની સંખ્યા પણ તે જ ઝડપથી વધી રહી છે. મેથી સપ્ટેમ્બર વચ્ચે કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી વધીને ૩૬ લાખ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયે તેની જાણકારી પણ આપી છે. શુક્રવારે ભારતમાં ૯૮,૦૦૦ની નજીક પોઝિટિવ કેસ નોંધાયા બાદ શનિવારે તેમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જોકે, આમ છતાં દેશના ૯ રાજ્યોમાં નવા કેસનો રેકોર્ડ નોંધાયો છે- જેમાં દિલ્હી, છત્તીસગઢ, હરિયાણા, મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ગુજરાત, ઉત્તરાખંડ અને ગોવાનો સમાવેશ થાય છે.

## પૂર્વ કેન્દ્રીય પ્રધાન રઘુવંશ પ્રસાદનું ૭૪ વર્ષની વયે નિધન

**૩ દિવસ પહેલા પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું : ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રઘુવંશ સિંહ લાંબા સમયથી બિમાર હતા, તેમણે આજે દિલ્હી એઇમ્સમાં અંતિમ શ્વાસ લીધા**

નવી દિલ્હી,તા.૧૩

બિહારના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રઘુવંશ પ્રસાદ સિંહનું નિધન થયું છે. તેમણે દિલ્હી એમ્સ ખાતે અંતિમ શ્વાસ લીધા છે. તાજેતરમાં રઘુવંશ પ્રસાદ સિંહની તબિયત લથડતા તેને દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં શુક્રવારે મોડી રાત્રે તેની તબિયત અચાનક લથડી ગઈ હતી અને ત્યારબાદ તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. ડૉકટર્સ સતત તેમના સ્વાસ્થ્ય પર નજર રાખી રહ્યા હતા પરંતુ તેમની તબિયત સતત બગડતી ગઈ અને આજે તેમનું નિધન થયું છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી રઘુવંશ પ્રસાદ સિંહની ઓળખ બિહારના સૌથી કદાવર નેતા તરીકે થતી હતી. તાજેતરમાં જ અચાનક તબિયત બગડતાં તેમને દિલ્હીના એઈમ્સમાં દાખલ કરાયા હતા.






